જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૭/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૫૧૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૧૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી, ૩૩ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૧૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૫૨૦/૧૭

**સેટેલાઈટઃ** શીતલબહેન વા/ઓ પંકીતભાઇ શેઠ (રહે. નંદનવન-ર લોટ્સ સ્કૂલ પાસે જોધપુર ગામ સેટેલાઇટ) એ તા.૨૫/૭/૧૭ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૭/૧૭ બપોરના ૧/૩૦ થી તા.૨૫/૭/૧૭ ૧/૩૫ વાગ્યા દરમ્યાન સેટેલાઇટ ૯/૨ પ્રથમ માલ પ્રણય એપાર્ટ્મેન્ટ ખાતે રહેતા માતા-પિતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી ચીજવસ્તુ અને રોકડ રૂપિયા મળી કુલરૂપિયા ૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.કે.વાઘેલા ચલાવે છે.

**નિકોલઃ** યગ્નેશભાઇ અરુણચન્દ્ર પંડ્યા (રહે. સુરોહી પાર્ક સોસાયટી વિભાગ-૧ ટાઇન લોટસ સ્કુલ બાજુમા નિકોલ) એ તા.૨૫/૭/૧૭ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૭/૧૭ સવારના ૯/૦૦ થી તા.૨૫/૭/૧૭ સાંજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.સી.છત્રાલીયા ચલાવે છે.

આત્મહત્યાઃ-

સમાચાર યાદી નં.૧૫૨૧/૧૭

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** વિપુલ વાઘજીભાઇ દેસાઇ (ઉ.વ.૨૩) (રહે. કૃષ્ણધામ સોસાયટી વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૫/૭/૧૭ કલાક ૮/૩૦ વાગ્યા પહેલા પતંગહોટેલ સામે પશ્ચીમ કિનારે નદીમા ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિનાયક લક્ષ્મણ ચલાવે છે.

**દાણીલીમડાઃ** શબાનાબાનુ વા/ઓ શાહફિરોજ અંસારી ઉવ ૨૨ રહે.એ/૧૩ એવન નગર બેરલ માર્કેટ અંદરના રોજ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૨૪/૭/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.પરમાર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.